આરોગ્ય અને સલામતીના કાયદા વિષેનું વધુ વિગતવાર માર્ગદર્શન 'એચએસઇ'નાં ખરીદી શકાતાં પ્રકાશનોમાં પ્રદાન કરેલું છે, જેવાં કે:

(કામ પર આરોગ્ય અને સલામતીના આવશ્યક મુદ્દાઓ) 'એચએસઇ બુકસ'
(*Essentials of health and safety at work)* HSE Books ISBN 0 7176 0716 X;

અને મફત પત્રિકા, જેવી કે:

(આરોગ્ય અને સલામતી વિષેની એક પ્રસ્તાવના – આઇએનડીજી 259) 'એચએસઇ બુકસ'. *An introduction to health and safety* INDG259 HSE Books.

'એચએસઇ'નાં પ્રકાશનોની પૂરી માહિતી તમને 'એચએસઇ'ના વેબ સાઇટ પર મળશે:
http://www.open.gov.uk/hse/hsehome.htm

'એચએસઇ'નાં બધાં પ્રકાશનો નીચેના સરનામે મળી શકે છે:
HSE Books, PO Box 1999, Sudbury, Suffolk CO10 2WA
ટેલિફોન: 01787 881165 ફેકસ: 01787 313995.

'એચએસઇ'નાં વેચાતાં પ્રકાશનો પુસ્તકો વેચતી સારી દુકાનોમાંથી પણ મળી શકે છે.

હેલ્થ એન્ડ સેફટી એકઝેકિટવ દ્વારા 1 ઓકટોબર 1999 નાં રોજ મળેલી સ્વીકૃતિ
Approved by the Health and Safety 1 October 1999

4/00 C3750
Printed and published by the Health and Safety Executive

Gujarati

HSE
Health & Safety
Executive

# આરોગ્ય અને સલામતીનો કાયદો

HEALTH AND SAFETY LAW

## તમારે શું જાણવું જોઈએ

**કામની જગ્યાએ તમારું આરોગ્ય, તમારી સલામતી અને તમારું હિત કાયદા દ્વારા રક્ષિત છે.**

**તમારું રક્ષણ કરવાની તેમ જ આરોગ્ય અને સલામતી વિષે તમને માહિતગાર રાખવાની તમને કામ આપનાર માલિક/શેઠની ફરજ છે.**

**તમારો અને બીજાંનો ખ્યાલ રાખવાની જવાબદારી તમારી છે.**

**જો કોઈ તકલીફ ઊભી થાય, તો તમારા માલિક/શેઠ અથવા જો હોય, તો સલામતી માટેના પ્રતિનિધિ સાથે તેની ચર્ચા કરો.**

આ પત્રિકા આરોગ્ય અને સલામતીના કાયદાની એક ટૂંકી માર્ગદર્શિકા છે. એ કાયદાનું વિગતવાર વર્ણન નથી કરતી, પણ એમાં મુખ્ય મુદ્દાઓની યાદી આપેલી છે.

**કામની જગ્યાએ તમારા આરોગ્ય, સલામતી અને હિત સચવાય તેની કાયદા હેઠળ વાસ્તવિક રીતે વાજબી ગણાય તેટલી ખાતરી રાખવાની ફરજ તમારા માલિક/શેઠની થાય છે.**

**કામની જગ્યાએ તમારા આરોગ્ય અને સલામતીને લગતી બાબતો વિષે તમારા માલિક/શેઠે તમારી સાથે અથવા તમારા સલામતી માટેના પ્રતિનિધિ સાથે મંત્રણા કરવાની જરૂર રહેશે. આમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

- કામની જગ્યાએ તમારા આરોગ્ય અને સલામતીને સારા એવા પ્રમાણમાં અસર કરી શકે તેવા ફેરફારો, દા.ત. કાર્યવાહિમાં, સાધનોમાં અથવા કામ કરવાની રીતોમાં;
- આરોગ્ય અને સલામતીના કાયદાઓને સંતોષવામાં મદદ કરી શકે તેવાં કાર્યદક્ષ લોકોને કામ પર રાખવા માટેની માલિક/શેઠે કરેલી વ્યવસ્થાઓ;
- તમારા કામમાંથી ઊભા થઇ શકતા ખતરા અને જોખમ, એમને ઓછા કરવા અથવા નાબૂદ કરવા માટે લેવાયેલાં પગલાં અને જો તમને ખતરા કે જોખમનો સામનો કરવો પડે તો તમારે શું કરવું જોઇએ તેની તમને જાણ હોવાની બાબતો વિષે તમને અપાવી જોઇતી માહિતી;
- આરોગ્ય અને સલામતીની યોજના; અને
- નવી ટેકનોલોજી દાખલ કરવામાં આરોગ્ય અને સલામતી પર થતી અસરો

**સાધારણ રીતે, તમારા માલિક/શેઠની ફરજોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે;**

- **તમારી કામની જગ્યાને સલામત અને આરોગ્ય માટે હાનિ રહિત રાખવી;**
- **કામ કરવાનાં ઓજાર/મશીનો વગેરે સલામત છે અને કામ કરવા માટે સલામત પદ્ધતિઓ ગોઠવેલી છે અને તે અમલમાં લેવાય છે તેની ખાતરી કરવી;**
- **વસ્તુઓ અને પદાર્થો સલામત રીતે ખસેડવામાં,સંઘરવામાં અને વાપરવામાં આવે છે તેની ખાતરી કરવી;**
- **તમારા હિત માટે પૂરતી સગવડો આપવામાં આવવી;**
- **તમારા આરોગ્ય અને સલામતી માટે જરૂરી માહિતી, સૂચનો, તાલીમ અને દેખરેખ તમને આપવી.**

**તમારા માલિક/શેઠે નીચે આપેલી બાબતો ખાસ કરવી જ જોઈએ;**

- તમારા આરોગ્ય અને સલામતી માટેના **ખતરાનું મૂલ્યાંકન કરવું;**
- મૂલ્યાંકન દ્વારા પરખાયેલાં આરોગ્ય અને સલામતી માટે જરૂરી પગલાં અમલમાં મૂકાય છે તેની **ગોઠવણ કરવી;**
- જો પાંચ કે તેથી વધારે કર્મચારીઓ હોય, તો ખતરાના મૂલ્યાંકનમાંથી પરખાયેલી **મૂખ્ય બાબતોની નોંધ લેવી અને** આરોગ્ય અને સલામતી માટેનાં પગલાંની ગોઠવણ કરવી;
- જો પાંચ કે તેથી વધારે કર્મચારીઓ હોય, તો **આરોગ્ય અને સલામતી નીતિ નિવેદન** બનાવવું, જેમાં આરોગ્ય અને સલામતીનું સંચાલન અને ગોઠવણોનો સમાવેશ થતો હોય, અને તે તરફ તમારું ધ્યાન દોરવું;
- આરોગ્ય અને સલામતીની જવાબદારીઓમાં મદદ કરી શકે તેવી **કોઈ કાર્યદક્ષ વ્યક્તિની નિમણૂક કરવી,** અને તે નિમણૂક વિષે તમારી સાથે કે તમારા સલામતી માટેના પ્રતિનિધિ સાથે મંત્રણા કરવી;
- એક જ કામની જગ્યા સહિયારી રીતે વાપરતા બીજા માલિકો/શેઠોને **આરોગ્ય અને સલામતીની બાબતો માટે સહકાર આપવો;**
- **તાત્કાલિક કાર્યવાહિની યોજના** કરવી;
- **યોગ્ય પ્રાથમિક સારવાર માટે પૂરતી સગવડો પૂરી પાડવી;**
- **કામની જગ્યા આરોગ્ય સલામતી અને હિત** માટેની જરૂરિયાતોને સંતોષે છે તેની ખાતરી કરવી, દા.ત. હવાની છૂટથી આવ-જા, ઉષ્ણતામાન, બત્તીઉજાસ, અને પેશાબપાણીની વ્યવસ્થા, ધોવા માટે પાણી અને આરામની સગવડો.
- જયાં આરોગ્ય અને સલામતી સંકળાયેલાં છે, ત્યાં **કામ માટે વાપરવામાં આવતું સાધન જે કામ માટે તેનો ઉપયોગ થવો જોઈએ તે માટે યોગ્ય છે,** અને તેની યોગ્ય જાળવણી અને ઉપયોગ થાય છે તેની ખાતરી કરવી;
- તમારા આરોગ્યને હાનિ પહોંચાડી શકે તેવા પદાર્થોથી તમારી સલામતીની **જાળવણી માટે સાવચેતી અથવા તે માટે પૂરતો કાબૂ.**
- જલદીથી સળગી ઊઠે અથવા વિસ્ફોટક ખતરાઓ, **વિજળીનાં સાધનો, અવાજ અને રેડિએશનના જોખમને અટકાવવા માટે સાવચેતી;**
- **હાથથી વસ્તુઓ ઊંચકવાના કામમાં રહેલા ખતરાઓથી દૂર રહેવું,** અને જયાં એ ટાળી શકાય તેમ ન હોય ત્યાં ઈજા થવાના જોખમને ઓછું કરવું;
- **યોગ્ય હોય તે પ્રમાણે આરોગ્યનું અવલોકન** કરાવવું;
- જયારે ખતરા બીજા કોઇ પ્રકારે પૂરતા કાબૂમાં ન લઈ શકાતા હોય, **ત્યારે મફત સુરક્ષિત કપડાં અથવા સાધન પૂરાં પાડવાં;**
- **સલામતીના યોગ્ય સૂચનો/નિશાનીઓ પૂરી પાડવામાં અને જાળવવામાં આવે** છે તેની ખાતરી કરવી;
- **અમુક ઈજા, દર્દો અને ખતરનાક પ્રસંગોની** આરોગ્ય અને સલામતીનો અમલ કરાવનાર યોગ્ય સત્તા પાસે **નોંધ લખાવવી** (આ કોણ છે તે જાણવા માટે નીચેનું ખાનું જુઓ).

**કર્મચારી તરીકે તમારી પણ કાનૂની ફરજો છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

- તમારા, અને તમે જે કંઇ કરો કે ન કરો તેથી જેમના પર અસર થઇ શકે તેમના, આરોગ્ય અને સલામતીની **વાજબી સંભાળ લેવી;**
- આરોગ્ય અને સલામતીની બાબતોમાં **તમારા માલિક/શેઠને સહકાર આપવો;**
- તમને મળેલી તાલીમ અને સૂચનો પ્રમાણે તમારા માલિક/શેઠે પૂરી પાડેલી કામની **વસ્તુઓનો સાચો ઉપયોગ કરવો,** જેમાં વ્યકિતગત સુરક્ષિત સાધનોનો સમાવેશ થાય છે;
- **તમારા આરોગ્ય, સલામતી અથવા હિત માટે આપેલી કોઈ પણ વસ્તુ સાથે દખલગીરી ન કરવી કે ન તેનો દૂરુપયોગ કરવો;**

જો તમને લાગે કે તમારા કામની જગ્યાએ આરોગ્ય અને સલામતીની તકલીફ છે, તો પહેલાં તો, તમારે તમારા માલિક/શેઠ, સુપરવાઇઝર અથવા મેનેજર સાથે તેની ચર્ચા કરવી. અને જો તમારા સલામતીના પ્રતિનિધિ હોય, તો તમે કદાચ તેમની સાથે પણ ચર્ચા કરવા માગો. તમે, તમારા માલિક/શેઠ અથવા તમારા સાલમતીના પ્રતિનિધિ 'એચએસઈ'ની ઇન્ફોલાઇન ટેલિફોન સર્વિસને 0541 545500 પર ફોન કરીને ખાનગીમાં આરોગ્ય અને સલામતી વિષેની માહિતી મેળવી શકે છે.

જો તમને લાગે કે તમારા માલિક/શેઠ તમને ખતરામાં નાખી રહ્યા છે અને તેમની કાનૂની ફરજો નથી પૂરી કરતા, અને તમે તેમને એ વિષે વાત કરી છે પણ એમણે સંતોષકારક જવાબ નથી આપ્યો, તો તમે તમારી કામની જગ્યાએ આરોગ્ય અન સલામતીનો અમલ કરાવતી સત્તાનો સંપર્ક સાધી શકો છો. આરોગ્ય અને સલામતીના ઇન્સ્પેકટરો કાયદામાં કેમ રહેવું એ વિષે સાલહ આપી શકે છે. કાયદાને અમલમાં મૂકવાની ફરજ પાડવાની સત્તા પણ તેમની પાસે છે. 'એચએસઈ'ની 'એમ્પ્લોયમેન્ટ મેડિકલ એડવાઇઝરી સર્વિસ' (રોજગારીમાં તબીબી સલાહકારી સેવા) કામ પર આરોગ્ય વિષેની સલાહ આપી શકે છે. તમારા માલિક/શેઠ તેમનાં નામ અને સરનામાં તમને આપી શકશે.

આગ લાગે ત્યારે લેવાની સામાન્ય સાવચેતી વગેરે બાબતો વિષે તમે 'ફાયર બ્રિગેડ' અથવા તમારા ફાયર ઓફિસર પાસેથી સલાહ લઇ શકો છો.